**પારીખા ગામ નજીક હાઇવે પર ઘટના, પુરપાટ ઝડપે આવતા વાહનને કારણે ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો**

# ડભોઇ-કરજણ માર્ગ પર સામેથી આવતા વાહનને બચાવવા જતાં ટ્રક પલટી, મોટી જાનહાનિ ટળી

ગ્રામજનોની મદદથી ડ્રાઇવર સુરક્ષિત બહાર આવ્યો, ક્રેન બોલાવી વાહનવ્યવહાર પૂર્વવત કરાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.20

ડભોઇ તાલુકાના પારીખા ગામ નજીક આજે ડભોઇ-કરજણ મુખ્ય માર્ગ પર એક ટ્રક અકસ્માતનો ભોગ બની હતી. સામેથી પુરપાટ ઝડપે આવી રહેલા અજાણ્યા વાહનને બચાવવા જતાં ટ્રક ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા ટ્રક રોડની સાઈડમાં પલ્ટી મારી ગઇ હતી. આ ભયાનક અકસ્માત છતાં ટ્રક ચાલકનો ચમત્કારિક બચાવ થયો હતો અને સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, પારીખા ગામ પાસેથી પસાર થઈ રહેલી ટ્રક કરજણ તરફ જઈ રહી હતી. તે સમયે સામેથી એક અન્ય વાહન અતિ ઝડપે આવતું હોઈ, અકસ્માત નિવારવા માટે ટ્રક ચાલકે ટ્રકને સાઈડમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ દરમિયાન ટ્રકનું સંતુલન બગડતા તે સીધી રોડની નીચે ખાડામાં પલ્ટી મારી ગઈ હતી. ઘટના સ્થળે ટ્રક પલ્ટી જતાં સ્થાનિક લોકોમાં દોડધામ મચી ગઈ હતી. અકસ્માતની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો અને રાહદારીઓ મોટી સંખ્યામાં ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા. સદનસીબે ડ્રાઈવર સુરક્ષિત બહાર નીકળી આવતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તુરંત જ ક્રેનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ક્રેનની મદદથી પલ્ટી મારેલી ટ્રકને સીધી કરી માર્ગ પરનો વાહનવ્યવહાર પૂર્વવત કરવામાં આવ્યો હતો.

આ બનાવને પગલે ડભોઇ-કરજણ માર્ગ પર થોડા સમય માટે વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડી હતી, પરંતુ સ્થાનિક પોલીસ અને લોકોના સહયોગથી પરિસ્થિતિ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો.

## સલાટવાડામાં બાથરૂમમાં અચાનક લાગેલી આગમાં ૪૫ વર્ષીય વ્યક્તિ દાઝયા

વડોદરા : વડોદરા શહેરના સલાટવાડા વિસ્તારમાં આવેલી તુલસીભાઈની ચાલીમાં રહેતા ૪૫ વર્ષીય હરિચરણ મહાવીરપ્રસાદ શર્માને અચાનક લાગેલી આગમાં શરીરના મુખ્ય ભાગોમાં દાઝી જવાથી તેમને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, હરિચરણભાઈ પોતાના ઘરે બાથરૂમમાં હતા તે દરમિયાન અચાનક કોઈ અગમ્ય કારણોસર આગ ફાટી નીકળી હતી. આગની જ્વાળાઓએ વિકરાળ સ્વરૂપ ધારણ કરતા તેઓ અંદર જ ફસાઈ ગયા હતા. આ અકસ્માતમાં હરિચરણભાઈના હાથ, પગ, છાતી અને ચહેરાના ભાગે દાઝવાના નિશાન જોવા મળ્યા છે. આગના બનાવ બાદ તાત્કાલિક તેમને સયાજી હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, દર્દી હાલમાં ભાનમાં છે અને તબીબોની દેખરેખ હેઠળ તેમની સઘન સારવાર ચાલી રહી છે. પરિવારજનો દ્વારા આ અકસ્માત અંગેની જાણકારી મળતા હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

# કલવાડામાં એક જ દુકાનો બે વાર વેચી બિલ્ડરની છેતરપિંડી

**ખરીદદારોની** જાણ બહાર અન્યના નામે દસ્તાવેજ કરી બેંકમાંથી રૂ.૯૦ લાખની લોન ઉપાડી, ૧૬ દુકાનો સીલ

વલસાડ : વલસાડના ફણસવાડા ખાતે રહેતા નિવૃત્ત શિક્ષક ભુલાભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમણે બિલ્ડર અવિકાસ શ્રીવાસ્તવ પાસેથી કુલ ૯ દુકાનો રજીસ્ટર્ડ દસ્તાવેજથી ખરીદી હતી. આ સિવાય ધર્મેશભાઈ પટેલે ૨ અને જિગ્નેશ પટેલે ૨ દુકાનો ખરીદી હતી. તમામ ખરીદદારોએ ચેક તથા બિલ્ડિંગ મટીરિયલની રકમ ચૂકવી દીધી હતી.

જોકે, આરોપી બિલ્ડર અવિકાસે આ ખરીદદારોની જાણ બહાર, બદઈરાદાથી આ જ દુકાનો સુરતના કિસનભાઈ ધરમશીભાઈ વઘાસીયાના નામે પણ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપી હતી. સુરતના કિસનભાઈએ આ જ દુકાનો પર HDFC બેંકમાંથી રૂ. ૯૦,૦૦,૦૦૦/- (નેવુ લાખ) ની લોન મેળવી લીધી હતી.

લોનની ભરપાઈ ન થતા વ્યાજ સાથે આ રકમ રૂ. ૧,૧૭,૪૦,૫૨૦/- થઈ ગઈ હતી. લોન ડિફોલ્ટ થવાને કારણે ગત તા. ૧૩/૦૬/૨૦૨૬ ના રોજ HDFC બેંકના કર્મચારીઓ અને કોર્ટ કમિશનર દુકાનોનો કબજો લેવા આવ્યા ત્યારે આ કૌભાંડ બહાર આવ્યું હતું. હાલ બેંક દ્વારા કોમ્પ્લેક્સની તમામ ૧૬ દુકાનોને સીલ મારી દેવામાં આવી છે.

બિલ્ડર અવિકાસ શ્રીવાસ્તવે ફરિયાદી અને સાક્ષીઓ સાથે કુલ રૂ. ૧,૭૯,૯૯,૭૭૮/- નો ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ ૧૯ જુલાઈના રોજ નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## પ્રતાપનગરમાં રહેતા આધેડે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરાના પ્રતાપનગર વિસ્તારમાં આવેલા બંસી એપાર્ટમેન્ટમાં રહેતા ૪૭ વર્ષીય હરીશભાઈ જગદીશભાઈ રાવલ નામના વ્યક્તિએ આજે અગમ્ય કારણોસર જંતુનાશક દવા પી લેતા ચકચાર મચી જવા પામી છે. ઝેરી દવાના સેવન બાદ તેમને સતત ઊલટીઓ થતા પરિવારજનો દ્વારા તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, હરીશભાઈ રાવલે અગમ્ય સંજોગોમાં ઘરમાં રહેલી જંતુનાશક દવા ગટગટાવી લીધી હતી. દવા પીધાની થોડી જ ક્ષણોમાં તેમને ગંભીર અસરો વર્તાવા લાગી હતી અને સતત ઊલટીઓ થવા લાગી હતી. આ દ્રશ્ય જોઈને પરિવારજનો ગભરાઈ ગયા હતા અને તુરંત જ તેમને સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે પહોંચાડ્યા હતા. હોસ્પિટલના તબીબી સૂત્રોના જણાવ્યા અનુસાર, હરીશભાઈ હાલ સયાજી હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ છે.

**દંતેશ્વરના એપાર્ટમેન્ટમાં હાઈ ડ્રામા**

# પાંચમા માળેથી કૂદીને આપઘાતનો પ્રયાસ કરનાર મહિલાનો વીડિયો વાયરલ

મહિલાએ ક્યા કારણોસર આપઘાતનો પ્રયાસ કર્યો તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરાના દંતેશ્વર વિસ્તારમાં આવેલા સમૃદ્ધ સાત્વિક એપાર્ટમેન્ટમાં મહિલાએ અગમ્ય કારણોસર પાંચમા માળેથી નીચે કૂદીને આપઘાત કરવાનો પ્રયાસ કરતાં ભારે અફરાતફરી મચી હતી. જોકે સ્થળ પર હાજર સ્થાનિક લોકોની સતર્કતા અને સમયસરની કામગીરીને કારણે મહિલાનો જીવ બચી ગયો હતો અને મોટી જાનહાનિ ટળી હતી. જોકે મહિલાનો આ વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા પોલીસ એકશનમાં આવી હતી. દંતેશ્વર વિસ્તારમાં આવેલા સમૃદ્ધ સાત્વિક એપાર્ટમેન્ટમા પાંચમા માળેથી મહિલા નીચે કૂદીને આપઘાતનો પ્રયાસ કરી રહી હતી. આ દ્રશ્ય જોઈ સ્થાનિકો તરત જ દોડી આવ્યા અને સમજાવટ તેમજ સાવચેતીપૂર્વકની કામગીરીથી મહિલાને બાલ્કની માંથી એક મહિલાએ પકડી રાખી હતી ત્યારબાદ અન્ય લોકો પણ ત્યાં ભેગા થઈ ગયા હતા અને સુરક્ષિત રીતે નીચે ઉતારી લીધી હતી.

સમગ્ર ઘટનાનો વીડિયો ત્યાં હાજર કેટલાક લોકોએ પોતાના મોબાઈલ ફોનમાં કેદ કર્યો હતો, જે બાદમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી. પોલીસે મહિલાની પૂછપરછ શરૂ કરી છે અને તેણે આપઘાતનો પ્રયાસ કયા કારણોસર કર્યો હતો તે અંગે તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તબક્કે કારણ સ્પષ્ટ થયું નથી.

## વડોદરા રેલવે સ્ટેશન પર ૩૫ વર્ષીય યુવાનને ખેંચ આવતા દોડધામ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા શહેરના રેલવે સ્ટેશન ખાતે આજે એક માનવીય સંવેદના અને ત્વરિત સારવારનો કિસ્સો સામે આવ્યો છે. વડોદરા રેલવે સ્ટેશનની બુકિંગ ઓફિસ પાસે રણજીતભાઈ. આશરે ઉંમર વર્ષ ૩૫ નામના વ્યક્તિને અચાનક ખેંચ આવતા તેઓ ઢળી પડ્યા હતા, જેને પગલે ત્યાં હાજર લોકોમાં થોડીવાર માટે દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ ૧૦૮ ઈમરજન્સી સેવાને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. ૧૦૮ ની ટીમ ગણતરીની મિનિટોમાં જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયને પ્રાથમિક સારવાર આપી રણજીતભાઈની સ્થિતિને સ્થિર કરી હતી અને તેમને તાત્કાલિક સયાજી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. સયાજી હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, દર્દીને હોસ્પિટલ લાવ્યા બાદ તબીબોની દેખરેખ હેઠળ સારવાર શરૂ કરવામાં આવી હતી.

**ભૂમિપૂજન સાથે રામેશ્વર યુવક મંડળનો સુવર્ણ ઉત્સવ**

# સુભાનપુરાના આંગણે ગણપતિ બાપ્પાના આગમનની તૈયારી

**પાંચ દાયકાથી** ભક્તિની જ્યોત જગાવતું મંડળ હવે અર્ધ સદી વટાવી ૫૧મા વર્ષમાં, સ્થાનિક રહીશોમાં અનેરો ઉત્સાહ



(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરામાં ગણેશ મહોત્સવની આગમન પૂર્વે જ ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે. આ શ્રેણીમાં શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલ સુપ્રસિદ્ધ 'રામેશ્વર યુવક મંડળ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા આ વર્ષે એક વિશેષ સીમાચિહ્ન સર કરવામાં આવ્યું છે. મંડળ દ્વારા પોતાના સુવર્ણ વર્ષોની ઉજવણી બાદ ૫૧મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે ગણપતિ સ્થાપન માટેના મંડપનું શાસ્ત્રોક્ત વિધિથી ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ભૂમિપૂજનના કાર્યક્રમ દરમિયાન વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. મંડળના સભ્યો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. પાંચ દાયકાની અવિરત સેવા અને ગણેશ ઉત્સવની પરંપરાને જીવંત રાખનાર આ મંડળની ગૌરવશાળી સફરને આ પ્રસંગે યાદ કરવામાં આવી હતી. ૫૧મા વર્ષમાં મંડળ વધુ ભવ્ય અને દિવ્ય આયોજન કરવા માટે કટિબદ્ધ છે. આ ધાર્મિક પ્રસંગે શહેરના રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરામાં પાલિકાએ મુખ્ય માર્ગો અને જાહેર સ્થળો પરથી દબાણોનો સફાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા અને અતિક્રમણ રોકવા માટે દબાણ અને સિક્યુરિટી શાખા દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગતરોજ પાલિકા દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં દબાણકર્તાઓ વિરુદ્ધ કડક પગલાં લેવામાં આવ્યા હતા. પાલિકાની ટીમ દ્વારા કરવામાં આવેલી કામગીરીમાં મુખ્યત્વે કમાટીબાગ ગેટ નં. ૦૨ પાસે, નાયબ મુખ્યમંત્રીના રૂટ પર વૉર્ડ નં. ૧૨માં વડસર બ્રિજથી VCCI, વડસર રોડ સુધી તથા ખિસકોલી સર્કલથી વડસર બ્રિજ સુધીના માર્ગોને દબાણ મુક્ત કરવામાં આવ્યા હતા. વૉર્ડ નં. ૧૮માં વડસર બ્રિજથી જ્યુપિટર ચાર રસ્તા થઈ સુશેન ચાર રસ્તા અને ત્યારબાદ તરસાલી તળાવ સુધીના વિસ્તારમાં પણ રસ્તા પરના દબાણો દૂર કરાયા હતા. દબાણ હટાવ ઝુંબેશ અંતર્ગત વૉર્ડ નં. ૦૮ માં કોન્કર કોમ્પ્લેક્ષ અને અલકાપુરી સેન્ટ્રલ પોઈન્ટ પાસે પાલિકાની ટીમે કાર્યવાહી કરી ૦૭ ટ્રક જેટલો સામાન જપ્ત કર્યો હતો.

**રાહદારી મહિલા-યુવતીઓને અશ્લીલ ચેનચાળા કરતો**

# કલાલી વિસ્તારમા મહિલાઓ સામે અશ્લીલ હરકત કરતો લબરમૂછિયો ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં અગાઉ પણ મહિલાઓ અને યુવતીઓ સામે વિકૃત માનસિકતા ધરાવતા કેટલાક શખ્સો દ્વારા અશ્લીલ હરકતો કરવામાં આવ્યાના બનાવો પોલીસ ચોપડે નોંધાઈ ચૂક્યા છે. ત્યારે સોમવારે કલાલી વિસ્તારમાં આવી જ વધુ એક ઘટના સામે આવી હતી. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં રહેતો અને ખાનગી કંપનીમાં નોકરી કરતો નારણ પટેલ (ઉંમર 50 વર્ષ) નામનો શખ્સ ટુ-વ્હીલર પર કલાલી વિસ્તારમાં આવ્યો હતો. અહીં એક સ્થળે ઊભો રહી રસ્તા પરથી પસાર થતી મહિલાઓ અને યુવતીઓ સામે અશ્લીલ ચેનચાળા તથા અયોગ્ય હરકતો કરતો હતો. આ હરકતથી ગભરાયેલી મહિલાઓએ તરત જ પોલીસને જાણ કરી હતી.



જાણ મળતાં જ પોલીસની શી ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને આરોપી નારણ પટેલને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઘટનાને પગલે વિસ્તારમાં થોડા સમય માટે હોબાળો મચી ગયો હતો. સ્થાનિક મહિલાઓએ આરોપીની હરકત સામે ભારે આક્રોશ વ્યક્ત કરી કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. શી ટીમ દ્વારા આરોપીને પોલીસ સ્ટેશન ખાતે સોંપિતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**GST કાઉન્સિલ સહિત સંબંધિત સત્તાધિકારીઓ સમક્ષ રજૂઆત**

# GSTBAની પ્રથમ બેઠકમાં વેપારીઓ અને ટેક્સ પ્રોફેશનલ્સના પ્રશ્નો અંગે રજૂઆતો પર મંથન

ઓડિટ, બેંક એટેચમેન્ટ, VAT અને GST પોર્ટલની સમસ્યાઓ સહિત અનેક મુદ્દાઓ ચર્ચાયા



(પ્રતિનિધિ) અમદાવાદ, તા.20

ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસિએશન (GSTBA)ની લૉ કમિટી તથા લોકલ અને આઉટસ્ટેશન રિપ્રેઝન્ટેશન કમિટીની વર્ષ 2026-27ની પ્રથમ બેઠક શનિવારે અમદાવાદ સ્થિત એસોસિએશનના કાર્યાલય ખાતે યોજાઈ હતી. બેઠકમાં ગુજરાતભરના વેપારીઓ અને ટેક્સ પ્રોફેશનલ્સને પડતી વ્યવહારિક અને કાનૂની સમસ્યાઓના નિરાકરણ માટે કુલ 21 મહત્વપૂર્ણ રજૂઆતો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. GSTBAના પ્રમુખ દેવકરણ એલ. વાઘાસિયાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં માનદ સચિવ નીખિલ ગાંધી, ખજાનચી નિશાંત શાહ, ઉપપ્રમુખ રાજીવ ડી. શાહ, પૂર્વ પ્રમુખ શાંતિભાઈ ઠક્કર, વારિસ ઈસાણી, સંજયભાઈ શેઠ તેમજ લૉ કમિટી અને લોકલ-આઉટસ્ટેશન રિપ્રેઝન્ટેશન કમિટીના કન્વીનર, સહ-કન્વીનર અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ રજૂઆતો આગામી સમયમાં ચીફ કમિશનર ઓફ સેન્ટ્રલ ટેક્સ, કમિશનર ઓફ સ્ટેટ ટેક્સ, રાજ્યના નાણાંમંત્રી, GST કાઉન્સિલ અને GSTN સહિત સંબંધિત સત્તાધિકારીઓ સમક્ષ રજૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

**સ્માર્ટ સિટી વડોદરાની પ્રી-મોન્સૂન કામગીરી ધોવાઈ**

# સયાજીગંજનું દિનેશ મિલ ગરનાળું વરસાદી પાણીથી બન્યું સ્વિમિંગ પૂલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા શહેરમાં ચોમાસાની શરૂઆત થતાં જ સ્માર્ટ સિટીની પોલ ખુલી ગઈ છે. શહેરના વ્યસ્ત ગણાતા સયાજીગંજ વિસ્તારમાં આવેલું ઐતિહાસિક દિનેશ મિલનું રેલવે ગરનાળું સામાન્ય વરસાદમાં પણ ફરી એકવાર બેટમાં ફેરવાઈ ગયું છે. આ વિસ્તારમાં માત્ર ધીમી ધારે વરસાદ વરસ્યો હોવા છતાં, ગરનાળામાં ગોઠણસમા પાણી ભરાઈ જવાની ગંભીર સમસ્યા સર્જાઈ છે. આ વખતે પરિસ્થિતિ વધુ વણસી છે કારણ કે ગરનાળામાં માત્ર વરસાદી પાણી જ નહીં, પરંતુ ગટરના દૂષિત અને ગંદા પાણી પણ ભારે માત્રામાં ઉભરાઈને કાંસ તરફ વહી રહ્યા છે. દૂષિત પાણીના ભરાવાને કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ ગઈ છે, જેના લીધે ત્યાંથી પસાર થવું કે ઊભા



રહેવું પણ મુશ્કેલ બની ગયું છે. દિનેશ મિલનું આ ગરનાળું શહેરના મહત્વના વિસ્તારોને જોડતો મુખ્ય રસ્તો હોવાથી રોજના હજારો વાહનચાલકો અહીંથી પસાર થાય છે. જોકે, પાણી ભરાઈ જવાના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યારે કેટલાક સાહસિક વાહનચાલકો જોખમ ખેડીને પાણીમાંથી પસાર થવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેના કારણે વાહનો બંધ પડી જવાની ઘટનાઓ પણ સામે આવી રહી છે. આ કોઈ નવી સમસ્યા નથી, પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી સ્થાનિકો અને વાહનચાલકો આ જ સાલિયાણા ત્રાસનો સામનો કરી રહ્યા છે. દર વર્ષે તંત્ર દ્વારા પ્રી-મોન્સૂન કામગીરીના મોટા-મોટા દાવા કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતામાં પરિસ્થિતિ જસની તસ રહે છે.

## ફતેપુરાના રાણાવાસમાં બાઈકની ચેનમાં હાથ ફસાતા ૨૨ વર્ષીય યુવાન ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦

વડોદરા શહેરના ફતેપુરા વિસ્તારમાં આવેલા રાણાવાસમાં રહેતા ૨૨ વર્ષીય યુવાન મયંક રાણા સાથે એક દુર્ઘટના ઘટતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. પોતાના ઘર આંગણે બાઈક સાફ કરી રહેલા મયંકનો જમણો હાથ અચાનક બાઈકની ચેઈનમાં આવી જતાં તેને ઈજાઓ પહોંચી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, આજે મયંક પોતાના ઘર પાસે બાઈક સાફ કરી રહ્યો હતો. તે સમયે કોઈ કારણોસર બાઈક ચાલુ થઈ ગઈ હતી અથવા ચેઈન ફરતી હોવાથી મયંકનો હાથ અચાનક ચેઈન અને સ્પ્રોકેટની વચ્ચે ફસાઈ ગયો હતો. અચાનક બનેલી આ ઘટનાને પગલે મયંકે બૂમ પાડતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો અને સ્થાનિકોએ ઈજાગ્રસ્ત મયંકને સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હાલ ડોક્ટરોની ટીમ દ્વારા તેને જરૂરી સારવાર આપવામાં આવી રહી છે.

**વોર્ડ નં. ૦૪ માં કામ પૂર્ણ કરી દેવાતા હાશકારો**

# ચોમાસા પૂર્વે જ રાહત, સાઈદીપ નગરમાં કાદવ-કીચડની સમસ્યાનો અંત

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં પાયાની સુવિધાઓને સુદ્રઢ કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ શ્રેણીમાં પાલિકાના પૂર્વ ઝોન હેઠળના વહીવટી વોર્ડ નં. ૦૪ દ્વારા સ્થાનિક રહીશોની સુવિધા માટે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવામાં આવ્યા છે. વહીવટી વોર્ડ નં. ૦૪ ના રોડ વિભાગ દ્વારા પ્રગતિનગરમાં આર.સી.સી. રોડની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

આ કામગીરીને પગલે સ્થાનિક રહીશો માટે અવરજવર અત્યંત સરળ અને સુરક્ષિત બની છે. લાંબા સમયથી અટકેલા આ રોડના કામને પૂર્ણ કરીને વિસ્તારના માર્ગોની સ્થિતિમાં મોટો સુધારો લાવવામાં આવ્યો છે, જેનાથી વાહનચાલકો અને રાહદારીઓને મોટી રાહત મળી છે. શહેરી વિકાસના ભાગરૂપે, સાઈદીપ નગર સોસાયટીના કોમન પ્લોટમાં ૮૦:૨૦ યોજના અંતર્ગત પેવર બ્લોક નાખવાની કામગીરી પણ સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવી છે.

આ પ્રોજેક્ટના અમલીકરણથી કોમન પ્લોટનો વિસ્તાર વધુ સુવ્યવસ્થિત અને સ્વચ્છ બન્યો છે. ચોમાસાની ઋતુમાં અગાઉ આ વિસ્તારમાં કાદવ-કીચડ અને પાણી ભરાવાની જે સમસ્યાઓ સર્જાતી હતી, તેનાથી હવે સ્થાનિક લોકોને મુક્તિ મળશે. પાલિકાના આ પગલાંથી સ્થાનિકોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.

**બાઇબલના સંદેશ સાથે સર્જનસૃષ્ટિના જતન માટે સૌને કરાયું પ્રેરિત**

# બેથલેહેમ મેથોડિસ્ટ ચર્ચ દ્વારા મકરપુરા ખ્રિસ્તી કબ્રસ્તાન ખાતે વૃક્ષારોપણ



(પ્રતિનિધિ) વડોદરા, તા.20

રવિવાર, 19 જુલાઈ, 2026ના રોજ બેથલેહેમ મેથોડિસ્ટ ચર્ચ, તરસાલી દ્વારા મકરપુરા સ્થિત ખ્રિસ્તી કબ્રસ્તાન ખાતે વૃક્ષારોપણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત રેવ. રોનક ખ્રિસ્તીએ બાઈબલનો હૃદયસ્પર્શી શ્લોક વાંચીને કરી હતી. તેમણે ભગવાનની સર્જનસૃષ્ટિનું જતન કરવું દરેકની નૈતિક અને આધ્યાત્મિક જવાબદારી હોવાનું જણાવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન ખ્રિસ્તી શિક્ષણ અને ઉછેર સમિતિના પ્રમુખ ઈમેન્યુઅલ ખ્રિસ્તીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ચર્ચના 50થી વધુ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ પ્રકારના વૃક્ષોનું રોપણ કર્યું અને પર્યાવરણની સુરક્ષા માટે સતત યોગદાન આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ વૃક્ષારોપણને માત્ર સામાજિક જવાબદારી નહીં, પરંતુ ભગવાનની સર્જનસૃષ્ટિ પ્રત્યેની સેવા ગણાવી હતી. કાર્યક્રમ અંતે સૌએ વાવેલા વૃક્ષોની જાળવણી કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

## નદીના ફ્લડપ્લેનમાં વર્ષોથી થયેલા ગેરકાયદે બાંધકામો સામે કડક પગલાં લેવા કલેક્ટરને રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા શહેરની જીવાદોરી સમાન વિશ્વામિત્રી નદીના કિનારે વર્ષોથી ખડકાયેલા ગેરકાયદેસર દબાણો સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) દ્વારા વડોદરા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. શિવસેના વડોદરા શહેર પ્રમુખ દીપક એચ. પાલકરના નેતૃત્વમાં આ મામલે તંત્રને જગાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શિવસેનાએ તાજેતરમાં વડોદરાના યવતેશ્વર મહાદેવ મંદિર આસપાસ કરવામાં આવેલી દબાણ હટાવ ઝુંબેશને બિરદાવી છે. પક્ષે જણાવ્યું છે કે, જે રીતે વહીવટી તંત્રએ તાત્કાલિક અને નિષ્પક્ષ કાર્યવાહી કરી છે, તે પ્રશંસનીય છે. જોકે, હવે આ જ ગતિ અને કડકાઈ વિશ્વામિત્રી નદીના કાંઠે વર્ષોથી દબાણ કરી બેઠેલા બિલ્ડરો અને અન્ય તત્વો સામે પણ દાખવવી જોઈએ. આવેદનપત્રમાં ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે વિશ્વામિત્રી નદી કિનારે થયેલા ગેરકાયદેસર બાંધકામોને કારણે નદીનો કુદરતી પ્રવાહ અવરોધાઈ રહ્યો છે.

**નવી ગંતવ્ય લોડિંગમાં પણ મેળવી મોટી સફળતા**

# વડોદરા મંડળે માલ લોડિંગમાં નોંધાવી નોંધપાત્ર વૃદ્ધિ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં માલ પરિવહન ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરતા સતત વૃદ્ધિ નોંધાવી છે. મંડળ દ્વારા એપ્રિલ થી જૂન 2026 દરમિયાન 3.39 મિલિયન ટન માલનું લોડિંગ કરવામાં આવ્યું છે, જે ગયા વર્ષના આ જ સમયગાળાના લોડિંગ કરતા 4.6 ટકા વધુ છે. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારીના જણાવ્યા અનુસાર જૂન 2025ની સરખામણીમાં જૂન 2026 દરમિયાન મુખ્ય માલ વસ્તુઓના લોડિંગમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. પેટ્રોલિયમ, ઓઇલ અને લુબ્રિકન્ટ્સનું લોડિંગ 160 રેકથી વધીને 247 રેક થયું, કોલસાનું લોડિંગ 97 રેકથી વધીને 140 રેક થયું, ખાતરનું લોડિંગ 78 રેકથી વધીને 124 રેક થયું અને કન્ટેનર લોડિંગ 148 રેકથી વધીને 218 રેક થયું. આ વૃદ્ધિ મંડળની માલ પરિવહન સેવાઓની વધતી જતી કાર્યક્ષમતા અને ગ્રાહકોનો રેલવે પર વધી રહેલો વિશ્વાસ દર્શાવે છે. વડોદરા મંડળે તા. 17 જુલાઈના માલ ભાડા ક્ષેત્રે વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ડીએફસીસીઆઈએલના ન્યૂ ગોઠણગામ ખાતે આવેલા ગતિ શક્તિ મલ્ટિ-મોડલ કાર્ગો ટર્મિનલથી મધ્ય રેલવેના એમિરેટ્સ ટર્મિનલ પ્રા.લી. માટે 46 બીઓબીએસટી વેગનની નવી ગંતવ્ય લોડિંગ સફળતાપૂર્વક શરૂ કરવામાં આવી. આ રેક દ્વારા એચઆર કોઇલનું પરિવહન કરવામાં આવ્યું. આ રેક 388.03 કિલોમીટરનું અંતર કાપશે અને તેનાથી રેલવેને અંદાજે 28 લાખનું માલભાડું આવક મળવાની અપેક્ષા છે.

નવી ગંતવ્ય લોડિંગની આ સિદ્ધિ વડોદરા મંડળ દ્વારા નવા ટ્રાફિક સ્ત્રોત વિકસાવવા, ગ્રાહકોની જરૂરિયાત મુજબ સેવાઓનો વિસ્તાર કરવા અને માલ વ્યવસાયને પ્રોત્સાહન આપવાની દિશામાં કરવામાં આવી રહેલા સતત પ્રયાસોનું પરિણામ છે.

## દિવાળીપુરા અને મુક્તિનગર વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની સમસ્યાનો કાયમી ઉકેલ

વડોદરા : વડોદરા શહેરમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાના નિવારણ માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આક્રમક કામગીરી હાથ ધરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત પશ્ચિમ ઝોનના વહીવટી વોર્ડ નં. ૧૧ની હદમાં આવતા દિવાળીપુરા વિસ્તારના વૈકુંઠ ડુપ્લેક્સ, પ્રથમ મુક્તિનગર અને મુક્તિનગર વિસ્તારના રહીશોને ચોમાસા દરમિયાન પડતી ભારે મુશ્કેલીમાંથી કાયમી રાહત આપવા માટે ખાસ કામગીરી કરવામાં આવી છે. વહીવટી વોર્ડ કચેરી દ્વારા આ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવવાના મુખ્ય કારણોનો અભ્યાસ કરી વરસાદી ગટરોમાં વર્ષોથી જમા થયેલો કચરો, કાંપ અને અન્ય અવરોધોને દૂર કરી ગટરોની સંપૂર્ણ સફાઈ કરવામાં આવી છે. વરસાદી પાણીનો પ્રવાહ અવરોધાય નહીં અને તે ઝડપથી મુખ્ય ડ્રેનેજ લાઈન સુધી પહોંચી શકે તે માટે જરૂરી સ્થળોએ રોડ પર ચરી પાડીને પાણીના નિકાલ માટેની સુદ્રઢ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ કામગીરીના પરિણામે હવે આગામી દિવસોમાં વરસાદી પાણીનો નિકાલ ઝડપથી થશે, જેને કારણે પાણી ભરાવવાની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો આવશે.

**મૃતક મહિલાના નામે બોગસ સંમતિ કરાર બનાવી રકમ બારોબાર ઉપાડી**

# જમીન સંપાદન દરમિયાન મળેલા વળતરમાં રૂ.૨.૬૨ કરોડની ઠગાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના રણુ ગામમાં રહેતા લાલજીભાઈ સોમાભાઈ પઢીયાર (ઉ.વ. 47)એ રાવપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમના પિતા સોમાભાઈનું વર્ષ 2007માં અને માતા સુરજબેનનું તા.10 જાન્યુઆરી, 2023ના રોજ અવસાન થયું હતું.

તેમના માતા સુરજબેન તેમના પિતા ખુશાલભાઈ ભલાભાઈ પરમારની વડીલોપાર્જિત સંયુક્ત માલિકીની વડોદરા તાલુકાના શેરખી ગામે આવેલી જમીનના કાયદેસરના વારસદાર હતા. આ જમીનનો એક ભાગ વર્ષ 2017માં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પ્રોજેક્ટ માટે સંપાદિત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વર્ષ 2018માં પ્રથમ તબક્કાના વળતર તરીકે રૂ.3.26 કરોડથી વધુની રકમ તેમના મામા છત્રસિંહ ખુશાલભાઈ પરમારે પોતાના બેંક ખાતામાં મેળવી લીધી હતી.

તે સમયે તેમની માતા સુરજબેન અથવા તેમના પરિવારને આ વળતરની રકમમાંથી એક પણ રૂપિયો આપવામાં આવ્યો નહોતો અને તેમના હકનો હિસ્સો દબાવી દેવાયો હતો. ત્યારબાદ ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ જમીન સંપાદનના બીજા તબક્કાના વળતર તરીકે રૂ.2.62 કરોડથી વધુની રકમ ચૂકવવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. જોકે તેમની માતા સુરજબેનનું અગાઉ જ અવસાન થઈ ચૂક્યું હોવા છતાં તા.19 જુલાઈ, 2024ના રોજ રૂ.300ના સ્ટેમ્પ પેપર પર તેમના નામે સંમતિ કરાર તૈયાર કરવામાં આવ્યો હતો. આ દસ્તાવેજ સંપૂર્ણપણે બોગસ હતો. આ સંમતિ કરારમાં મૃતક સુરજબેનનો ફોટોગ્રાફ મૂકવામાં આવ્યો હતો તેમજ તેમના નામે ખોટા અંગૂઠાના નિશાન દર્શાવવામાં આવ્યા હતા. એટલું જ નહીં, દસ્તાવેજને નોટરી સમક્ષ કરવામાં આવ્યો મૃતક મહિલાના નામે ખોટા અંગૂઠાના નિશાન કરીને બનાવટી દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો અને તેને ખાસ અધિકારી સમક્ષ રજૂ કરીને રૂ.2.62 કરોડથી વધુની વળતરની રકમ છેતરપીંડીપૂર્વક મેળવી લેવામાં આવી હતી.